Dr.K.B.Ganvit

G.D.Modi College of Arts,Palanpur.

‘ઈચ્છાવર’ (રઘુવીર)

ગુજરાતી પેપર-**CC/CE (102)**

## એકમ -1

1) સાહિત્યના કયા બે પ્રકાર છે મુખ્યઃ-
   જવાબ- ગદ્ય અને પદ્ય
2) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મોટેભાગે કયા પ્રકારનું છે?
   જવાબ – પદ્ય
3) અર્વાચીન ગુજરાતી સાહિત્યના મુખ્ય ગદ્ય પ્રકારો કયા છે?
   જવાબ – નવલકથા, નવલિકા (ટૂંકીવાર્તા), નાટક, એકાંકી, નિબંધ વગેરે
4) નવલકથાને અંગ્રેજીમાં શું કહેવામાં આવે છે?
   જવાબ –NOVEL
5) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કઈ?
   જવાબ – કરણઘેલો
6) કરણઘેલો – નવલકથાના સર્જકનું નામ શું?
   જવાબ – નંદશંકર તુળનીશંકર મહેતા
7) હિન્દી-ભાષામાં નવલકથાને શું કહેવામાં આવે છે?
   જવાબ – ઉપન્યાસ
8) મરાઠી-ભાષામાં નવલકથાને શું કહેવામાં આવે છે?
   જવાબ – કાદંબરી
9) સાર્થ – જોડણી કોશ મૂજબ – નવલકથાની વ્યાખ્યા આપો.
   જવાબ – ગદ્યમાં લખેલી કલ્પિતવાતો એટલે નવલકથા
10) ગુજરાતી સાહિત્યની પ્રથમ હાસ્ય-નવલકથા કઈ છે?
    જવાબ – ભદ્રંભદ્ર (રમણભાઈ નીલકંઠ)
11) ગુજરાતી સાહિત્યની મહાનવલ કઈ?
    જવાબ – સરસવતીચંદ્ર (લે.ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી)
12) સરસ્વતીચંદ્ર – નવલકથા કુલ કેટલા ભાગમાં વહેંચવામાં આવી છે?
    જવાબ – કુલ – 4 ભાગ
13) ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા કોણે આપી છે?
    જવાબ –કુમાર માસિકમાં મોહનલાલ પટેલે આપી છે. છાપું
14) પ્રથમ ગુજરાતી એકાંકી કોણે આપી છે?

જવાબ – ઈ.સ.1925માં યશવંત પંડ્યા પાસેથી ઝાંઝવા એકાંકી

15) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ નિબંધ આપનાર કોણ છે?

જવાબ – કવિ નર્મદે મંડળી મળવાથી થતા લાભ

16) કાકા સાહેબ કાલેલકરે નિબંધની શું વ્યાખ્યા આપી છે?

જવાબ – વાચક સાથેની સીધી વાત-ચીત એટલે નિબંધ

17) ઉમાશંકર જોશીએ – ટૂંકીવાર્તા (નવલિકા)ની વ્યાખ્યા શું આપી છે?

જવાબ – ટૂંકીવાર્તા એટલે અનુભૂતિકણ

18) ગુજરાતી-સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા કોણે આપી છે કઈ?

જવાબ – કંચનલાલ વાસુદેવ મહેતા – મલયાનિલે, ગોવાલણી – વાર્તા આપી છે.

19) અલંકારના મુખ્ય બે પ્રકારો કયા છે?

જવા – (1) શબ્દાલંકાર (2) અર્થાલંકાર

20) કામિની કોકિલા કેવિ કૂજન કરે – આ પંક્તિમાં કયો અલંકાર છે?

જવાબ – વર્ણાનુપ્રાસ

21) દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે – કયો અલંકાર છે જણાવો.

જવાબ – ઉપમા

22) અમે રે સૂકું રૂનું પૂમડું.

તમે અત્તર રંગીલા સરદાર – કયો અલંકાર છે જણાવો.

જવાબ – રૂપક

23) હોડી જાણે આરબઘોડી – કયો અલંકાર છે જણાવો.

જવાબ – ઉત્પ્રેક્ષા

24) વાહ પહેલવાન! પાપડ તોડી નાંખ્યો!– કયો અલંકાર છે.

જવાબ – વ્યાજ સ્તુતિ

25) ફૂલ હસતાં હતાં – કયો અલંકાર છે  જણાવો.

જવાબ – સજીવારોપણ

# એકમ -2

26) અમૃતા – નવલકથાના સર્જકનું નામ જણાવો.

જવાબ – રઘુવીર ચૌધરી

27) કરણઘેલો –નવલકથા સાથે સુસંગત વર્ષ કયું છે?

જવાબ – 1966

28) સાસુ વહુની લડાઈ – નવલકથાના લેખક કોણ છે?

જવાબ – મહીપતરામ નીલકંઠ

29) સરસ્વતી ચંદ્ર – નવલકથા સાથે કયું વર્ષ સુસંગત છે?

જવાબ – પ્રથમ ભાગ – 1887

30) પાટણની પ્રભુતા – ગુજરાતનો નાથ, જય સોમનાથ વગેરે નવલકથાના સર્જકનું નામ જણાવો.

જવાબ – કનૈયાલાલ મુનશી

31) ગ્રામલક્ષ્મી ભારેલો અગ્નિ અને દિવ્સચક્ષુ જેવી નવલકથા કોણે આપી છે?

જવાબ – રમણલાલ વ. દેસાઈ

32) વેવિશાળ – નવલકતાના સર્જકનું નામ જણાવો.

જવાબ – ઝવેરચંદ મેંઘાણી

33) તુલસી ક્યારો – નવલકથાના સર્જકનું નામ જણાવો.

જવાબ – ઝવેરચંદ મેઘાણી

34) ગુણવંતરાય આચાર્યની નવલકથાનું નામ જણાવો.

જવાબ – દરિયાલાલ

35) સરસ્વતીચંદ્ર નવલકથા કયા યુગમાં પ્રગટ થયેલ છે?

જવાબ – પંડિતયુગ (સાક્ષરયુગ)

36) કરણઘેલો નવલકથા કયા યુગમાં પ્રગટ થટેલ છે?

જવાબ – નર્મદયુગ (સુધારકયુગ)

37) મનુભાઈ પંચોળી કયા યુગના નવલકથાકાર છે?

જવાબ – અનુગાંધીયુગ

38) ઝેર તો પીધાં જાણી જાણી – કોની નવલકથા છે?

જવાબ – મનુભાઇ પંચોળી

39) મનુભાઈ પંચોળીનું ઉપનામ જણાવો.

જવાબ – દર્શક

40) પન્નાલાલપટેલનીમહત્વનીબેનવલકથાઓકઈછે?

જવાબ – માનવીની ભવાઈ અને મળેલા જીવ

41) પન્નાલાલ પટેલની કઈ નવલકથાને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલો છે?

જવાબ – માનવીની ભવાઈ

42) પન્નાલાલ પટેલની કઈ નવલકથામાં છપ્પનીયા દુકાળનું ચિત્ર –પ્રસ્તુત થાય છે?
જવાબ – માનવીની ભવાઈ
43) કાનજી અને જીવી – આ બે પાત્રો પન્નાલાલ પટેલની કઈ નવલકથાના છે?
જવાબ – મળેલા જીવ
44) રાજુ અને કાળુ – આ બે પાત્રો પન્નાલાલ પટેલની કઈ નવલકથાના છે?
જવાબ – માનવીની ભવાઈ
45) જનમટીપ – નવલકથા કોની છે?
જવાબ – ઈશ્વર પેટલીકરણ
46) ધીમુ અને વિભા – નવલકથા કોની છે?
જવાબ – જ્યંતી દલાલ
47) આકાર – નવલકથા કોની છે?
જવાબ – ચંદ્રકાન્ત બક્ષી
48) આધુનિક નવલકથાકારનું નામ જણાવો.
જવાબ – સુરેશ જોશી
49) છિન્નપત્ર – નવલકથા કોની છે?
જવાબ – સુરેશ જોશી
50) નવલકથાકાર મધુરાયની  નવલકથાનું નામ જણાવો.
જવાબ – કિમ્બલ રેવન્સવૂડ
51) પૂર્વરાગ નવલકથા કોની છે?
જવાબ – રઘુવીર ચૌધરી
52) સમયદ્રીપ અને અસૂર્યલોક નવલકથા કોની છે?
જવાબ – ભગવતીકુમાર શર્મા